PRO

# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ગોમતીપુર વિસ્તારમાં આવેલ સિલ્વર મીલથી કાંકરીયા સેન્ટ જોસેફ સ્કુલ સુધી અંડરગ્રાઉન્ડ ટનલની અંદર મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત બાંધકામનું કાર્ય હાલમાં ચાલુમાં છે. આ કામગીરી દરમિયાન સદરહું રોડ ઉપર ગ્રાઉટીંગ મશીનથી સર્વે કરી જે જગ્યાએ જમીન પોચી પડેલ હોય અથવા તો અંડરગ્રાઉન્ડ ટનલના કામકાજના વાઇબ્રેશનથી જમીનમાં ગેપ અથવા તો જમીન બેસી ગયેલ હોય તે તમામ જગ્યા ખાતે જરૂરી સર્વે કરાવી લોખંડની પાઇપલાઇનથી કેમિકલ્સ તથા સિમેન્ટથી જમીનની અંદર પુરાણ કરનાર છે અને આવી સમસ્યા જે જગ્યાએ નિકળનાર હોય તે જગ્યા ખાતે રોડ ઉપર ૩-મીટર જેટલું બેરીકેડીંગ કરનાર છે. આ કામગીરી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી ચાલનાર છે. આ સિવાયનો બાકીનો સમગ્ર રોડ વાહન વ્યવહાર સારુ ખુલ્લો રહેનાર છે.

ગોમતીપુર વિસ્તારમાં આવેલ સિલ્વર મીલથી કાંકરીયા સેન્ટ જોસેફ સ્કુલ સુધી અંડરગ્રાઉન્ડ ટનલની અંદર મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૯/૯/૨૦૧૮**

**( જે.આર.મોથલીયા )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર